II

# ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ

ફોર્મ નંબર :

(ફોર્મ ભરતા પહેલા શરતો તથા બાંહેધરી અવશ્ય વાંચવું.)

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ– II)

સુરત મહાનગરપાલિકા

## SURAT MUNICIPAL CORPORATION

આવાસ માટેનું અરજીપત્રક (ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ)

## Application Form for House (EWS-II TYPE)

ફોર્મ કિંમત રૂા. ૧૦૦/–
**Application Form Price Rs. 100/-**
(Every form is numbered so copies will not be accepted)
(દરેક ફોર્મનો નંબર અલગ હોઈ નકલ સ્વીકારાશે નહી.)

ફોર્મ અંગ્રેજીમાં કેપીટલ અક્ષરોમાં ભરી શકાય ત્યાં સુધી ભરવાની કોશીષ કરવી. જો અંગ્રેજીમાં ભરી શકાય એમ ન હોય તો ગુજરાતીમાં સુવાચ્ય અક્ષરોમાં ફોર્મ ભરવું.

(૧)પસંદગીનો સ્કીમ કોડ : ઈ.ડબલ્યુ.એસ–૨/ **Code of Scheme as per Choice :** EWS-II/

(૨) સ્ત્રી અરજદારનું પુરૂ નામ (આધારકાર્ડ મુજબ) :

**Full Name of Female Applicant (As per Aadhar card) :**

| નામ | પતિ/પિતાનું નામ | અટક | જન્મ તારીખ |
|---|---|---|---|
| | | | |

વૈવાહિક દરજ્જો : (૧)પરણીત (Married) ( ) (૨)અપરણીત(Unmarried) ( )
(૩)વિધવા(Widow) ( ) (૪)અન્ય(Other) ( )

❖ સ્ત્રી અરજદારના પિતાનું પુરૂ નામ :

**Full Name of Female Applicant's Father :**

| નામ | પિતાનું નામ | અટક |
|---|---|---|
| | | |

(૩) પુરુષ સહ અરજદારનું પુરૂ નામ (આધારકાર્ડ મુજબ) :

**Full Name of Male Co-Applicant (As per Aadhar card) :**

| નામ | પિતાનું નામ | અટક | જન્મ તારીખ |
|---|---|---|---|
| | | | |

વૈવાહિક દરજ્જો : (૧)પરણીત (Married) ( ) (૨)અપરણીત(Unmarried) ( )
(૩) વિધુર(Widower) ( ) (૪)અન્ય(Other) ( )

❖ પુરુષ સહ અરજદારના પિતાનું પુરૂ નામ :

**Full Name of Male Co-Applicant's Father :**

| નામ | પિતાનું નામ | અટક |
|---|---|---|
| | | |

( પતિ–પત્નીના મરણ/છૂટાછેડાના કિસ્સામાં જરૂરી પુરાવા રજુ કરવા ફરજીયાત છે.)

**(In Case Of Death/Divorce Compulsory Submit Document)**

(૪) અરજદારનું હાલનું સરનામું :
**Applicant's present address :**

ઘર/ફ્લેટ નં. **(House/ Flat No):**

શેરીનુ નામ તથા વિસ્તાર **(Name Of Street And Area) :**

શહેર **(City) :** જિલ્લો **(District) :** રાજ્ય **(State) :**

પીન કોડ નંબર **(PIN CODE No.) :** | | | | | | |

(૫) અરજદારનું કાયમી સરનામું :
**Applicant's permanent address :**

ઘર/ફ્લેટ નં. **(House/ Flat No):**

શેરીનુ નામ તથા વિસ્તાર **(Name Of Street And Area) :**

શહેર **(City) :** જિલ્લો **(District) :** રાજ્ય **(State) :**

પીન કોડ નંબર **(PIN CODE No.) :** | | | | | | |

(૬) ઈ–મેઈલ એડ્રેસ **(E-mail ID) :**

(૭) મોબાઈલ નંબર **(Mob. No.) :** | | | | | | | | | | |

(૮) ઓફિસનો ફોન નંબર **(Office Tel. No)** | | | | | | | | | | | |

(૯) ઘરનો ફોન નંબર**(House Tel. No.):** | | | | | | | | | | | |

(૧૦) અરજદારની ઉંમર **(Age of Applicant) :** ૧. સ્ત્રી અરજદાર : ૨. પુરુષ સહઅરજદાર :

(૧૧) ધર્મ **( Religion) :**

(૧)હિન્દુ (Hindu) ( ) (૨)મુસ્લીમ (Muslim) ( ) (૩)ખ્રિસ્તી (Christian) ( )

(૪)શીખ (Sikh) ( ) (૫)જૈન (Jainism) ( ) (૬)બૌધ્ધ (Buddhism) ( )

(૭) જરથુષ્ટ્ર (Zoroastrianism) ( ) (૮)અન્ય (Other) ( )

❖ જો અન્યમાં ટીક કર્યુ હોય તો તેની વિગત....................

(૧૨) જ્ઞાતિવર્ગ **(Cast) :** લાગુ પડતુ હોય ત્યાં ટીક (✓)કરવું. **(Tick the applicable (✓))**

(૧) અ.જા.**(S.C.)** ( ) (૨) અ.જ.જા.**(S.T.)** ( ) (૩) બક્ષીપંચ **(O.B.C.)** ( )
(૪) જનરલ**(General)** ( )

ખાસવર્ગ **(Special Category):**

(૧) અંધ/અપંગ **(Blind/Physically Handicap)** ( ) (૨) ડીફેન્સ**(Defence)** ( )

નોંધઃ– ૧. જનરલ કેટેગરી સિવાયના લાભાર્થીઓએ જે કેટેગરીમાં અરજી કરેલ હોય તે કેટેગરીનું અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

૨. ગુજરાત રાજ્ય બહારના અ.જા., અ.જ.જા. તથા બક્ષીપંચ કેટેગરીના પ્રમાણપત્રો ગુજરાત રાજયમાં માન્ય ગણાતા ન હોય, તેવા સંજોગોમાં જે અરજદારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેઓએ જનરલ કેટેગરીમાં અરજી કરવાની રહેશે. તેમ ન કરવાથી અરજી રદ થશે.

૩. ખાસ વર્ગ માટેના લાભાર્થીએ આ કેટેગરી માટેના જરૂરી પુરાવા રજુ કરવાના રહેશે.

(૧૩) પુરાવાઓ (Documents) : લાગુ પડતુ હોય ત્યાં ટીક (✓)કરવું. (Tick the applicable (✓))

(૧) રેશન કાર્ડ (Ration Card)( ) કાર્ડ નંબર: ..............................

(૨) કુટુંબ બી.પી.એલ કાર્ડ ધરાવે છે.હા/ના ( ) કાર્ડ નંબર: ..............................

(૩) પાસપોર્ટ (Passport) ( )ડ્રાઈવીગ લાયસન્સ(D.L.) ( )વોટર આઈ.ડી. (Voter ID) ( )
(કોઈ પણ એક ફરજીયાત) પુરાવાનો નંબર:..........................

(૪) લાઈટ બીલ (Light Bill)( )ગેસ બીલ (Gas Bill)( )ટેલીફોન બીલ (Telephone Bill)( )
(કોઈ પણ એક ફરજીયાત)

(૫) સ્કુલ લીવીગ સર્ટીફીકેટ (L.C.) ( ) જન્મનું પ્રમાણપત્ર(Birth Certificate) ( )
(કોઈ પણ એક ફરજીયાત)

(૧૪) પાનકાર્ડ નંબર (PANCARD No.) : (પુરાવા સાથે રજુ કરવા)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) અરજદાર (Applicant) | | | | | | | | | | |
| (૨) સહઅરજદાર (Co-Applicant) | | | | | | | | | | |

(૧૫) આધાર કાર્ડ નંબર (UID No.) : (ફરજીયાત પુરાવા (Mandatory Documents ))

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) અરજદાર (Applicant) | | | | | | | | | | | | |
| (૨) સહઅરજદાર (Co-Applicant) | | | | | | | | | | | | |

(૧૬) હાલમાં રહેતા મકાનની માલિકીની વિગત (Details of Present Residence) :

(I) પોતાનું મકાન ( ) (II) ભાડાનું મકાન( ) (III)અન્ય ( )

માલિકીની વિગત અન્ય હોય તો તેની વિગત ..................................

છતનાં પ્રકાર મુજબ મકાનની વિગત (Type of house based on roof type) :

પાકુ મકાન(સ્લેબ વાળુ) Pucca(cc & stone slab) ( )

અર્ધપાકુ મકાન(સિમેન્ટ/ સ્ટીલ પતરાવાળુ) Semi-pucca(Asbestos/ steel sheet, tiled) ( )

કાચુમકાન(ઘાસ, વાંસ, તાડપત્રી) Katcha(Grass/Thatched, Tarpatlin, Wooden) ( )

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) મિલકતનો ટેનામેન્ટ નંબર (Tenament No. of Property) : | | | | | | | | | | | | |

(૨) છેલ્લા વર્ષનું વેરાબીલ તથા નાણાં ભર્યા અંગેની પહોંચ સામેલ છે. ( ) / સામેલ નથી. ( )
(Property Tax Bill & Receipt of Last Financial Year to be attached) (પુરાવા રજુ કરવા)

(૩) ભાડે રહેતા હોય તો ભાડા કરાર રજુ કરેલ છે. ( ) / રજુ કરેલ નથી. ( ) (પુરાવા રજુ કરવા)

(૪) હાલમાં રહેતા મકાનના રૂમની સંખ્યા (રસોડા સિવાય):

(૫) હાલના રહેઠાણનુ ક્ષેત્રફળ (Carpet Area) (ચો.મી.માં):

(૬) રહેતા હોય તે વિસ્તારની વિગત:

(I) એરીયાનુ નામ:–..........................................

(II)ઈલેકશન વોર્ડ નંબર :......................................

(III)ઈલેકશન વોર્ડનું નામ :......................................

(૭) સંયુકત મિલકતમાં રહેતા હોય તો માલિકી ધરાવનારનું સંમતિપત્ર:

નોંધઃ–

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઓનલાઈન ડિમાન્ડ અરજી કરેલ છે? હા(  ) ના(  )

જો "હા" હોય તો નીચેની વિગત ભરી ફોર્મ ની નકલ સામેલ કરવી.

(૧) ઓનલાઈન ડિમાન્ડ અરજી ફોર્મ નંબર.....................................................................

(૨) CSC ID ..............................................................

(૧૭) અરજદાર તેમજ અરજદારના કુટુંબના સભ્યોની ધંધા / નોકરીની વિગત (ફરજીયાત)

**(Applicant & Family Members' Occupation / Business Details Mandatory) :**

| અ. નં. | અરજદાર તેમજ અરજદારના કુટુંબના સભ્યનું નામ | નોકરીનો પ્રકાર* | પેઢી / સંસ્થાનું નામ (Firm / Institution Name) | પેઢી / સંસ્થાનું સરનામું (Firm / Institution Address) | વાર્ષિક આવક (Annual Income) |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| | | | | | |
| | | | | કુટુંબની કુલ વાર્ષિક આવક | |

*નોંધઃ– નોકરીનો પ્રકારઃ–

(૧) સ્વ રોજગારી **(Self Employee)**

(૨) પગારદાર/નોકરીયાત **(Salaried)**

(૩) નિયમિત વેતન ધારક **(Regular Wage)**

(૪) મજુરી **(Labour)**

(૫) અન્ય **(Other)**

(૧૮) બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક ૩,૦૦,૦૦૦ સુધી: ....................
**(Total Annual Family Income from all sources Below 3,00,000)**

(૧૯) આવકનો પુરાવો **(Income Proof)** : (કોઈ પણ એક ફરજીયાત)

(૧) મામલતદાર ધ્વારા પ્રમાણિત આવકનો દાખલો **(Income Proof from Mamlatdar)** (  )

(૨) છેલ્લા નાણાકીય વર્ષનું ઈન્કમટેક્ષ રીટર્ન **(I.T. Return of Last Financial Years)** (  )

(૩) છેલ્લા બે માસની પગારસ્લીપ **(Pay Slip of Last two(2) Months)** (  )
(ફકત સરકારી/ અર્ધસરકારી કર્મચારીઓ માટે જ.)
**(Only For Government/ Semi-Government Employee)**

(૪) ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર **(Certificate of Chartered Accountant)** (  )

(૨૦) બેંક ખાતાની વિગત **(Bank Details)** : (ફરજીયાત પુરાવા **(Mandatory Documents )** )

૧. બેંકનું નામ :
**Name of Bank**

૨. બ્રાચનું નામ :
**Branch Name**

૩. ખાતા નંબર :
**Account No.**

૪. બ્રાંચનો **IFSC** કોડ :

૫. **MICR** કોડ :

૬. પાસબુક કે બેંક સ્ટેટમેન્ટની નકલ બીડવી. (  )
**Attach Copy of Passbook or Bank Statement.**

૭. સદરહુ ખાતાનો કેન્સલ ચેક બીડવો. (  )
**Attach Cancelled Cheque of this account.**

(૨૧) અરજી સાથે ભરવાની ડિપોઝીટની વિગત (**Details of Application Deposit**) :

રકમ રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર પુરા) **Amount Rs.20,000/- (Twenty Thousand Only)**

૧. બેંકનું નામ : **Name of Bank**

૨. બ્રાચનું નામ : **Branch Name**

૩. ડિમાન્ડ ડ્રાફટ નંબર : **D.D. No.**

૪. ડિમાન્ડ ડ્રાફટ રકમ : **D.D. Amount**

૫. ડિમાન્ડ ડ્રાફટની તારીખ (**D.D. Date**) :

(નોંધ : ડિમાન્ડ ડ્રાફટ "SURAT MUNICIPAL CORPORATION" નામનો PAYABLE AT SURAT નો બનાવવાનો રહેશે.)
**Note : D.D. in favour of "SURAT MUNICIPAL CORPORATION" PAYABLE AT SURAT**

(૨૨) અરજદારનાં કુટુંબના સભ્યોની વિગત (**Details of Family Members of Applicant**) :

| અ.નં. Sr. No. | પુરૂ નામ **Full Name** | જાતિ **Gender** | ઉંમર **Age** | અરજદાર સાથેનો સંબંધ **Relation with Applicant** | આધાર કાર્ડ નંબર (ફરજીયાત) | અન્ય પુરાવાનુ નામ* | પુરાવા નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| ૫ | | | | | | | |
| ૬ | | | | | | | |

* નોંધઃ– તારીખ દર્શાવતો આધારકાર્ડ (ફરજીયાત) તથા અન્ય પુરાવા તરીકે ઈલેકશન કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીગ લાયસન્સ, રેશન કાર્ડ, બીપીએલ કાર્ડ, રેવન્યુ ઓથોરીટી સર્ટી, બેંક પાસબુક દર્શાવી બાજુની કોલમમાં નંબર લખવો.

(૨૩) કુટુંબનો તાજેતરનો ગૃપ ફોટો (૪" X ૬" સાઈઝ) ગુંદરથી ચોંટાડી કુટુંબના દરેક સભ્યની સહી અડધી ફોર્મ ઉપર અને અડધી ફોટા ઉપર આવે તે રીતે કરવી. (**Stick the Family Photo of size 4" x 6" with sign of Every Family Members half on form & half on Photo.) (Do not staple the Photo, Fix with gum)**:

કુટુંબનો ગૃપ ફોટો ગુંદરથી અહી ચોંટાડવો (૪" X ૬")

કુટુંબના દરેક સભ્યની સહી અડધી ફોર્મ ઉપર અને અડધી ફોટા ઉપર આવે તે રીતે કરવી.

**Stick the Family Photo of size 4" x 6"**

**with sign of Every Family Members half on form & half on Photo.**

(અ.નં. ૨૨ માં દર્શાવેલ તમામ સભ્યોનો સમાવેશ થાય તેવો

ગૃપ ફોટો લગાવવો ફરજીયાત રહેશે)

(૨૪) નોમીનીનું પુરૂ નામ (**Full Name of Nominee**) :

અરજદાર સાથેનો સંબંધ (**Relation with applicant**) :

(૨૫) સુરત શહેરમાં કેટલા વર્ષથી રહો છો.

(૧) ૦ થી ૧ વર્ષ (**0 to 1 year**) ( ) (૨) ૧ થી ૩ વર્ષ (**1 to 3 years**) ( )

(૩) ૩ થી ૫ વર્ષ (**3 to 5 years**) ( ) (૪) ૫ થી વધુ વર્ષ (**More than 5 years**) ( )

(૨૬) છેલ્લા ૧ (એક) વર્ષ દરમ્યાન સુરત શહેરમાં વસવાટ અંગેનો પુરાવો (**Resident Proof**) :

નીચે પૈકી એક પ્રમાણપત્ર ઉપરાંત સુરત શહેરમાં રહેતા હોય તે સરનામાં સાથેનુ ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, મતદાર સ્લીપ એક વર્ષ જુનો પુરાવો (કોઈપણ એક) રજુ કરવાનો રહેશે.

(૧) સાંસદ સભ્યશ્રીનું પ્રમાણપત્ર ( ) (૨) ધારાસભ્યશ્રીનું પ્રમાણપત્ર ( )

(૩) મેયરશ્રીનું પ્રમાણપત્ર ( ) (૪) ડે.મેયરશ્રીનું પ્રમાણપત્ર ( )

(૫) સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રીનુ પ્રમાણપત્ર ( ) (૬) કોર્પોરેટરશ્રીનું પ્રમાણપત્ર ( )

**સાંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રી / મેયરશ્રી / ડે.મેયરશ્રી / સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી / કોર્પોરેટરશ્રીનો રજુ કરવાજોગ**

**પ્રમાણપત્રનો નમુનો**

**(ઉપરોકત પૈકી કોઈપણ એક)**

**<u>પ્રમાણપત્ર</u>**

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી શ્રી/શ્રીમતી/શ્રીમાન........................................................................................... ને હું ઓળખું છું. અને તેઓ છેલ્લા .......... વર્ષ કે તેથી વધુ સમયથી સુરત શહેરમાં વસવાટ કરે છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

...........................

**સહી અને સિકકો**

**નામ :**

(૨૭) અરજદાર કે તેના કુટુંબના કોઈપણ સભ્યો (અ.નં.૨૨ માં જણાવેલ) ના નામે ભારત દેશમાં પાકું મકાન છે. ( ) / મકાન નથી. ( )

જો પાકું મકાન હોય તો તેની સંપૂર્ણ વિગત આપવી.

**(Whether the applicant or any member of his/her family (as per sr. no. 22) owns a Pucca house in their name in India. If yes, give all details of Pucca house.)**

(૧) પુરૂ સરનામું (**Full Address**) :

ઘર/ફલેટ નં. (**House/Flat No.**) :

મહોલ્લો/શેરી/સોસાયટી (**Street/Society**) :

ગામ/શહેર (**Village/City**) : જિલ્લો (**District**) :

રાજ્ય (**State**) : પીન કોડ નંબર (**Pin Code No.**) :

(૨૮) અરજદાર કે તેના કુટુંબના કોઈપણ સભ્યો (અ.નં.૨૨ માં જણાવેલ) ના નામે સુરત શહેર કે સુરત શહેરની હદથી ૮ કિ.મી. વિસ્તારમાં જમીન/મકાન અથવા જમીનનો પ્લોટ છે. (   )/ જમીન/મકાન અથવા જમીનનો પ્લોટ નથી. (   )

જો જમીન અથવા જમીનનો પ્લોટ હોય તો તેની સંપૂર્ણ વિગત આપવી.

**(Whether the applicant or any member of his/her family (as per sr. no. 22) owns a land/ House or plot in their name within Surat city limit or within 8 k.m. area from Surat city limit. If yes, give all details of land/ House or plot.)**

(૧) પુરૂ સરનામું **(Full Address) :**

પ્લોટ નં. **(Plot No.) :**

પ્લોટ એરીયા ચો.મીટરમાં **(Plot area In SQM) :**

મહોલ્લો/શેરી/સોસાયટી **(Street/Society) :**

ગામ/શહેર **(Village/City) :**

જિલ્લો **(District) :**

રાજ્ય **(State) :**

પીન કોડ નંબર **(Pin Code No.) :**

(૨૯) એકથી વધુ સ્કીમ માટે અલગ અલગ અરજી કરી શકાતી હોય, જો આવી રીતે અરજી કરી હોય, તો દરેક અરજીમાં અન્ય કરેલ અરજીના ફોર્મ નંબર અવશ્ય લખવાના રહેશે. તેમજ એકસાથે તમામ અરજી રજુ કરવાની રહેશે :

| Code of EWS- II Type | Form No. | Code of EWS- II Type | Form No. | Code of EWS- II Type | Form No. | Code of EWS- II Type | Form No. |
|---|---|---|---|---|---|---|---|
| E-II/ | | E-II/ | | E-II/ | | E-II/ | |
| E-II/ | | E-II/ | | E-II/ | | E-II/ | |

નોંધ : કોમ્પ્યુટરાઈઝ ડ્રોમાં એકથી વધુ આવાસ મેળવવામાં સફળ થયેલ લાભાર્થીને ફક્ત એક જ આવાસ ફાળવવામાં આવશે, તેમજ ફળવાયેલ અન્ય આવાસોની ભરેલ ડિપોઝીટની રકમ પરત મળવાપાત્ર નથી.

આ યોજનાનાં અનુસંધાને આવાસ મેળવવાના ડ્રો માં સફળ થયા બાદ સુરત મહાનગરપાલિકા જ્યારે પણ આગળની ભરવાપાત્ર રકમ ભરવાનું જણાવે, તે રકમ ભરવા હું તૈયાર છું અને જો આ રકમ ભરવામાં નિષ્ફળ રહું તો તેમજ અરજીમાં જણાવેલ વિગત તથા રજુ કરેલ પુરાવાની માહિતી ખોટી સાબિત થાય તો આ અરજી સાથે ભરેલ રકમ જપ્ત થશે જે મને કબુલ મંજુર છે.

આ યોજના માટે નિયત કરવામાં આવેલ કોરા ફોર્મ પરત સ્વીકારવામાં આવશે નહી કે ફોર્મ ફી પરત કરવામાં આવશે નહી, અરજી સાથે રજુ કરેલ પુરાવાઓ પરત કરવામાં આવશે નહી.

ઉપર જણાવેલ તમામ હકીકત તદ્દન સાચી અને ખરી છે. ઉક્ત વિગતો પૈકી કોઈપણ વિગત ખોટી સાબિત થાય તો સુરત મહાનગરપાલિકા જે કોઈ આખરી નિર્ણય કરશે તે મને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે. મેં મારા કુટુંબીજનોને સોગંદનામામાં જણાવેલ તમામ હકીકતોથી વાકેફ કરેલ છે તેમજ આ યોજનાની તમામ વિગતો અને શરતો મને તેમજ મારા કુટુંબીજનોને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા રહેશે.

.......................................

સાક્ષીની સહી

સાક્ષીનું નામ :

સાક્ષીનું સરનામુ :

સાક્ષીનો મોબાઈલ નંબર :

.......................................

સ્ત્રી અરજદારની સહી

તથા મોબાઈલ નંબર

.......................................

પુરુષ સહઅરજદારની સહી

તથા મોબાઈલ નંબર

## શરતો

(૧) અરજી સાથે ડ્રાફટથી ભરવાની ડીપોઝીટ રકમ રૂા.૨૦,૦૦૦/– (વીસ હજાર પુરા)

(૨) EWS -II સ્કીમ માટેના લાભાર્થી પાસેથી લેવાપાત્ર(સરકારી સબસીડી બાદ કરતા) મકાનની કુલ કિંમત અંદાજીત રૂા.૫,૫૦,૦૦૦/– ના ઓછામાં ઓછા ૨૦ % રકમ (અરજી સાથે ભરપાઈ કરેલ ડીપોઝીટ બાદ કરતા બાકીની રકમ) ડ્રોમાં સફળ થયા બાદ સુરત મહાનગરપાલિકા જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી ૮૦ % રકમના એક સરખા દસ (૧૦) હપ્તા કરી સરખા અંતરે જમા કરાવવાના રહેશે. તે ઉપરાંત છેલ્લા હપ્તા સાથે મેઈન્ટેનન્સ રૂા.૫૦,૦૦૦/– તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઈ કરવાના રહેશે.સ્થળ પર બાંધકામ સંપૂર્ણ રીતે આંતરીક તમામ સુવિધાઓ સહિત પૂર્ણ થયા બાદ મકાનનો કબજો સુપ્રત કરવામાં આવશે.

<u>નોંધ:–</u> આવાસનો કબજો સોંપતી વખતે માલ–સામાનની કિંમત વિગેરે ધ્યાને લઈ બાંધકામ પૂર્ણ થયેથી ફાઈનલ હિસાબ થયા બાદ સુરત મહાનગરપાલિકા જે કિંમત નકકી કરે તે ચુકવવાની રહેશે.

(૩) કુટુંબની વાર્ષિક આવક રૂા.૩,૦૦,૦૦૦/– સુધી (કુટુંબ એટલે પોતે, પત્ની, સગીર/અપરણિત બાળકો તથા આશ્રિત) યોજના હેઠળના લાભ મેળવવા માટે લાભાર્થી ભારતમાં કોઈપણ જગ્યાએ પાકું મકાન ધરાવતા ન હોવા જોઈએ.

(૪) અરજદારે ફેમીલી ફોટો (૪" x ૬" સાઈઝ) ગુંદર/એધેસીવથી લગાડી (સ્ટેપલ કરવો નહી), અડધી સહી ફોટા ઉપર અને અડધી સહી ફોર્મ ઉપર આવે તેમ કુટુંબના દરેક સભ્યએ સહી કરવાની રહેશે.

(૫) પ્રત્યેક સ્કીમ માટે કુટુંબ દીઠ એક જ ફોર્મ ભરી શકશે તેમ છતાં અરજદાર એક થી વધુ સ્કીમ માટે ફોર્મ ભરશે તો તેઓનો ડ્રો માં એક થી વધુ સ્કીમમાં સફળ થયા બાદ તેઓની પસંદગીની એક જ સ્કીમમાં એક જ આવાસની ફાળવણી કરવામાં આવશે તેમજ ડ્રો માં મળેલ અન્ય આવાસ રાખી શકાશે નહી અને યોજનાના નિયમ પ્રમાણે ડ્રો થયા બાદ ભરેલ ડિપોઝીટના નાણાં પરત મળવાપાત્ર નથી.

અરજદારે આવાસ મેળવવા માટે એક કરતા વધુ સ્કીમમાં અરજી કરી હોય અને જો તેઓ આવી પ્રત્યેક અરજીના ડિપોઝીટના નાણાં પરત લેવા માંગતા હોય, તો તેઓએ ડ્રો થવા પહેલા લેખિત અરજીથી માંગણી કરી લેવાની રહેશે અને આવા અરજદારોને ડિપોઝીટના નાણાં વિના વ્યાજે પરત કરવામાં આવશે પરંતુ એક વાર ડ્રો થઈ ગયા બાદ આવાસની ફાળવણી થઈ હોય, તેવી અરજીની ડિપોઝીટ પરત મળવાપાત્ર નથી. જેની નોંધ લેવી.

યોજનાના નિયમાનુસાર ડ્રો થયા બાદ સફળ અરજદાર જો રીફંડની માંગણી કરે અથવા હપ્તાના નાણાં ભરવામાં અસમર્થ થાય તો અરજી સાથે ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા ભરેલ હપ્તાની કુલ રકમના ૫૦% રકમ બાદ કરી બાકીની રકમ રીફંડ કરવામાં આવશે. જે રકમ ઉપર વ્યાજ ચુકવવામાં આવશે નહી.

(૬) કુટુંબના કોઈપણ સભ્યના નામે ભારત દેશમાં પાકું મકાન હોવુ જોઈએ નહી તથા સુરત શહેર કે સુરત શહેરની સત્તાવાર નિયત કરેલ હદથી ૮ કિ.મી.ની ત્રિજયાના બહારના વિસ્તારમાં મકાન,જમીન અથવા જમીનનો પ્લોટ હોવો જોઈએ નહી.

(૭) આરક્ષણ : વિનિયમો મુજબ આરક્ષિત કેટેગરી માટે આવાસો ફાળવવાની વિગત : ડીફેન્સ કેટેગરી માટે ૧૦% (સેક્રેટરી, જિલ્લા સૈનિક બોર્ડના પ્રમાણપત્રની નકલ), અનુસુચિત જાતિ માટે ૭%, અનુસુચિત જનજાતિ માટે ૧૪%, બક્ષીપંચ કેટેગરી માટે ૧૦% ( ગુજરાત રાજય સમાજ કલ્યાણ ખાતા ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ) તથા અંધજન/અપંગ કેટેગરી માટે ૩% (સિવિલ સર્જનના પ્રમાણપત્રની નકલ) લાગત પ્રમાણપત્રની નકલ અરજી સાથે બીડવામાં આવશે તો જ આરક્ષણ હેઠળ આવાસ ફાળવવામાં આવશે. રાજય બહારના આરક્ષણ સર્ટીફીકેટ ગુજરાત રાજયમાં માન્ય રાખવામાં આવતા ન હોય, આવા અરજદારોએ જનરલ કેટેગરીમાં અરજી કરવાની રહેશે, જો આ રીતે અરજી ન કરતા અનામત કેટેગરીમાં બહારના રાજયના સર્ટીફીકેટના આધારે અરજી કરવામાં આવી હશે તો આવી અરજી રદ થવાપાત્ર રહેશે.

ગુજરાત રાજ્યમાં આરક્ષણ કેટેગરી હેઠળ આવતા હોય, પણ અરજી સાથે પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો આવા અરજદારોએ જનરલ કેટેગરીમાં અરજી કરવાની રહેશે, અન્યથા અરજી રદ થશે.
આરક્ષિત કેટેગરી માટે ઓરીજીનલ પ્રમાણપત્ર મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

(૮) આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ કરી શકાશે અને તેમાં પણ ન આવે તો જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(૯) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સફળ થયેલા લાભાર્થી પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમો જેવી કે **AHP** (એફોર્ડેબલ હાઉસીગ ઈન પાર્ટનરશીપ), **BLC** (બેનીફીસયરી લેડ કન્સ્ટ્રકશન), **CLSS** (ક્રેડીટ લિંક સબસીડી સ્કીમ), **ISSR (In Situ Slum Redevelopment)** નો લાભ લઈ શકશે નહી. તેમજ ઉપરોકત સ્કીમો હેઠળ જેમણે લાભ લીધો હોય તેવા લાભાર્થીઓ પણ આ સ્કીમમાં લાભ લઈ શકશે નહી.

(૧૦) આવાસોની ફાળવણી કોમ્પ્યુટરાઈઝ ડ્રો થી કરવામાં આવશે. જે પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિયમો તથા શરતોને આધિન કરવામાં આવશે. ડ્રો ના અંતે આવાસની ફાળવણી ન થયેલ હોય તેવી અરજીઓ સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારને વ્યાજ વિના પરત કરવામાં આવશે.

(૧૧) બેંક મારફતે લોન મેળવવા માટે જે તે બેંકને આવાસ અંગેના જરૂરી ડોક્યુમેન્ટસ સુરત મહાનગરપાલિકા તરફથી પુરા પાડવામાં આવશે. જ્યારે આવક સંદર્ભેના તથા બેંકની માંગણી મુજબના અન્ય આનુષાંગિક પુરાવાઓ અરજદારે રજુ કરવાના રહેશે. બેંકમાંથી લોન ન મળવાથી કે આવાસના નાણાં ભરપાઈ કરવામાં અસમર્થ થવાથી ફાળવણી રદ કરી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨) આ બાંધકામની જમીન ૯૯ વર્ષના ભાડાપટેથી આપવામાં આવશે.

(૧૩) તમામ લાભાર્થીઓએ ફરજીયાત રીતે (UID) યુ.આઈ.ડી.(આધારકાર્ડ) માં નોંધણી કરાવવાની રહેશે અથવા નોંધણી થયેલ હોવી જોઈએ. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧૪) આ ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઈપણ માહિતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલી પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે તેમજ અરજદાર સામે સુરત મહાનગરપાલિકા દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૫) અરજદાર અરજી કર્યાની તારીખે પુખ્ત વયનો હોવો જરૂરી છે એટલે કે અરજદારની ઉંમર ૧૮ વર્ષ થયેલ હોવી જરૂરી છે. શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો રજુ કરવાનો રહેશે.

(૧૬) કોઈપણ સંસ્થા/પેઢી/ટ્રસ્ટ કે કંપનીના નામે અરજી કરી શકાશે નહી, માત્ર વ્યકિતગત નામથી જ અરજી કરી શકાશે.

(૧૭) આવાસોની કિંમતમાં વપરાતી સામગ્રીના ભાવોના વધારા અથવા અન્ય બાહય કારણોસર વધારો થાય તો તે અરજદારને બંધનકર્તા રહેશે.

(૧૮) આવાસનો કબ્જો કામ શરૂ થયાના અંદાજે ૨(બે) વર્ષમાં સોપવાનુ આયોજન છે જેમાં સ્થળ –સ્થિતિ–સંજોગો અનુસાર વધારો/ઘટાડો થઈ શકે તથા ટેકનીકલ જરૂરીયાત મુજબ સુરત મહાનગરપાલિકા પ્લાનીંગ અને બાહયદેખાવમાં ફેરફાર કરે તો તે લાભાર્થીને બંધનકર્તા રહેશે. લાભાર્થી આ બાબતે કોઈ તકરાર કે કાર્યવાહી કરી શકશે નહી.

(૧૯) આ આવાસ યોજનામાં આંતરિક/બાહય આયોજનમાં ફેરફાર કરવા અથવા મુલત્વી રાખવાનો સુરત મહાનગરપાલિકાને અબાધિત હકક રહેશે.

(૨૦) આવાસ મેળવવા અંગેના અરજી ફોર્મમાં ભરવાની વિગતોને લગતી ખોટી એફીડેવીટ રજુ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૨૧) અરજીમાં હાલમાં જયાં રહેતા હોય, તે જગ્યાનું સરનામું દર્શાવવાનું રહેશે તથા એ જ મકાનના લાઈટ બીલ/ગેસ બીલ/ટેલીફોન બીલ તેમજ વેરા બીલ તથા રસીદ ફરજીયાત સામેલ કરવાના રહેશે. વધુમાં જો આ જ સરનામા વાળા મકાનમાં ભાડે રહેતા હોય, તો ભાડા કરાર પણ ફરજીયાત રજુ કરવાનો રહેશે

તથા ફોર્મમાં જણાવ્યા મુજબના ફરજીયાત પુરાવા એટેસ્ટેડ/સ્વપ્રમાણીત નકલ ફોર્મ સાથે રજુ કરવાના રહેશે.

(૨૨) અરજીપત્રકમાં દર્શાવેલ પુરાવાઓ અરજીપત્રક સાથે રજુ ન કરશે અથવા અધુરા પુરાવા સાથે જમા કરવામાં આવશે તો તેવા અરજી પત્રક રદ થવાને પાત્ર રહેશે.

(૨૩) અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના લાભાર્થીના મૃત્યુ, છૂટાછેડાના સંજોગો, સરકારશ્રી ના પરિપત્રો તેમજ કોર્ટના હુકમનામા સિવાય કોઈ લાભાર્થીનુ નામ કમી કરવા કે દાખલ કરવામાં આવશે નહિ.

(૨૪) લાભાર્થીએ પતિ–પત્નીના સંયુકત નામે તથા જે કિસ્સામાં કુટુંબમાં પુખ્ત વયની સ્ત્રી ન હોય તેવા કિસ્સામાં પુરુષ લાભાર્થીના નામે અને જે કિસ્સામાં પુખ્ત વયનો પુરુષ ન હોય તેવા કિસ્સામાં સ્ત્રી લાભાર્થીના નામે સુરત મહાનગરપાલિકા જે ભાષામાં એપ્રુવ કરે તે જ ભાષામાં "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) રજીસ્ટ્રેશન કરવાનો રહેશે. જેનો ખર્ચ પ્રવર્તમાન નિયમાનુસાર લાભાર્થીએ ભોગવવાનો રહેશે. તેમજ જો કોઈ કારણોસર સુધારાનો દસ્તાવેજ બનાવવાની જરૂરિયાત ઉભી થાય તો તેનો તમામ ખર્ચ પણ લાભાર્થીએ ભોગવવાનો રહેશે.

(૨૫) સંયુકત નામે અરજી કરનાર અરજદારોએ સંયુકત રીતે સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(૨૬) દસ્તાવેજ થયા બાદ લાભાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ એસોસીએશનના બેંક એકાઉન્ટમાં મકાનની કિંમત સાથે વસુલવામાં આવેલ મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ જમા કરાવવામાં આવશે જેમાંથી પ્રાથમિક સુવિધા તથા મરામત/જાળવણી અંગેનો તમામ ખર્ચ એસોસીએશને ભોગવવાનો રહેશે.

(૨૭) લાભાર્થીઓને સોપવામાં આવેલ આવાસોમાં તથા બિલ્ડીગના કેમ્પસમાં આપેલ સુવિધાઓમાં કોઈપણ જાતની તોડફોડ કે નુકશાન થાય તેવુ કામ કરવા દેવામાં આવશે નહિ. જે અંગે ભવિષ્યમાં થનાર સંભવિત નુકશાનની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૨૮) આવાસ યોજનાના કેમ્પસમાં આપેલ સુવિધાઓ પૈકી લિફટના લાયસન્સ, ફાયર સેફટી લાયસન્સ, ડી.જી.સેટ NOC તથા અન્ય સુવિધા કે જેમાં સરકારશ્રીના સંબંધિત ખાતા/વિભાગ મારફત નામ ટ્રાન્સફર કરાવવાનુ, નવા નામે લાયસન્સ રીન્યુ કરાવવાના/ મેળવવાના રહેશે.તેવી તમામ સુવિધાના લાયસન્સ આવાસ યોજનાના પ્રથમ ફલેટનો કબ્જો સોપ્યાના ૦૬ (છ) માસ અથવા તો પચાસ ટકા લાભાર્થીઓ કબ્જો મેળવે એ બેમાંથી જે વહેલુ થાય તેટલા સમયમાં એસોસીએશનના નામે ટ્રાન્સફર કરાવી લેવાના/ નવેસરથી મેળવી લેવાના રહેશે. આ અંગે જરૂરી ડોકયુમેન્ટસ–NOC લાયસન્સ રીન્યુઅલ/ ચકાસણી વિગેરેની જવાબદારી તથા લાયસન્સ રીન્યુઅલના અભાવે ઊભી થનાર પરિસ્થિતીની જવાબદારી એસોસીએશનની રહેશે.

(૨૯) ભવિષ્યમાં સરકારશ્રી/ સુરત મહાનગરપાલિકાના નીતિનિયમોમાં કોઈ ફેરફાર થાય તો તે મુજબ કરવાજોગ તમામ કામગીરી જે તે ફલેટ હોલ્ડર/ એસોસીએશનની રહેશે. કેમ્પસનો કબ્જો સોપ્યા બાદ સુરત મહાનગરપાલિકાની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.

(૩૦) સુરત મહાનગરપાલિકા ધ્વારા સદરહુ આવાસ યોજના ખુબ જ વ્યાજબી દરે અને આવાસન પ્રવૃતિ માટેની સંપાદિત જમીન ઉપર હાથ ધરવામાં આવતી હોય અરજદાર ફાળવણી થયેથી સાત વર્ષ સુધી આવાસ અન્યને તબદીલ કરી શકશે નહી. / ભાડે આપી શકશે નહી. / વેચી શકશે નહી. / ગીરોથી આપી શકશે નહી તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકશે નહી.

(૩૧) અગાઉ જે અરજદારોને મુખ્યમંત્રી ગૃહ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં તથા સુ.મ.પા./સુડા/ ગુ.હા.બોર્ડ હસ્તક ફળવાયેલ હોય, તેવા લાભાર્થી કે તેઓના કુંટુંબના સભ્યોએ ફરીથી આવાસ મેળવવા માટે અરજી કરવી નહી.જો તેવા અરજદારો અરજી કરશે, તો તેવી અરજીઓ રદ થવાપાત્ર રહેશે તેમજ ડિપોઝીટ તથા ભરેલ હપ્તાની રકમ પણ જપ્ત થશે.

(૩૨) મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળની સુરત મહાનગરપાલિકાની યોજનામાં અગાઉ આવાસ ફાળવવામાં આવેલ હોય તેવા લાભાર્થીઓએ તેમણે ભરેલ ડીપોઝીટ તથા હપ્તાની રકમ

રીફંડ લીધી હોય તેવા લાભાર્થીઓ આ યોજનામાં ફોર્મ ભરી શકશે નહી, જો ફોર્મ ભરશે તો તેઓની ડીપોઝીટ તથા ભરેલ હપ્તાની રકમ જપ્ત કરવામાં આવશે.

ઉપરોકત તમામ વિગતો/ શરતો મેં તથા મારા કુટુંબીજનોએ પુરેપુરી વાંચી છે અને ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા શરતો મને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા છે. જો કોઈ શરતનો ભંગ મારા તરફથી કરવામાં આવે તો મારુ ફોર્મ રદ થવાપાત્ર રહેશે તથા સુરત મહાનગરપાલિકા મારી સામે આ યોજનાના નિયમાનુસારની કાર્યવાહી કરી શકશે.

..................................
(સાક્ષીની સહી)

..................................
(અરજદારની સહી તથા મોબાઈલ નંબર)

સાક્ષીનું નામ :

સાક્ષીનું સરનામુ :

..................................
(સહઅરજદારની સહી તથા મોબાઈલ નંબર)

સાક્ષીનો મોબાઈલ નંબર :

## બાંહેધરી

(૧) ભારત દેશમાં પાકું મકાન તથા સુરત શહેરની હદથી ૮ કિ.મી.ના વિસ્તારમાં કાચુ મકાન અથવા જમીનનો પ્લોટ મારા કે / મારી પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું આવાસ, ફલેટ કે જમીનનો પ્લોટ સરકારી કાયદા હેઠળ કોઈ કો.ઓ.સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકીનું ઘર, ફલેટ, જમીનનો પ્લોટ નથી.

(૨) બધા સાધનો મળીને મારા કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. .................. છે.

(૩) અરજીમાં બતાવેલ સરનામે અમો હાલ ભાડાના મકાનમાં રહીએ છીએ જે અંગેનો ભાડા કરાર રજુ કરેલ છે. તથા એ જ મકાનના લાઈટ બીલ/ગેસ બીલ/ટેલીફોન બીલ તેમજ વેરા બીલ તથા રસીદ સામેલ કરેલ છે. તથા ફોર્મમાં જણાવ્યા મુજબના ફરજીયાત પુરાવા એટેસ્ટેડ/સ્વપ્રમાણીત નકલ ફોર્મ સાથે રજુ કરેલ છે.

(૪) હું સુરત શહેરમાં છેલ્લા .........વર્ષથી વસવાટ કરૂ છું. જેની બાંહેધરી આપું છું.

(૫) મેં રજુ કરેલ પુરાવા પૈકી કોઈ એક કે તમામ પુરાવા ઓરીજીનલ રજુ કરવાનું જણાવે તો તે હું રજુ કરીશ.

(૬) આરક્ષણ કેટેગરી અંગેનો પુરાવો રજુ ન કરી શકુ તો આરક્ષણ હેઠળ મને ફળવાયેલ આવાસની ફાળવણી રદ થશે. જેની મને જાણ છે.

(૭) અમોએ અરજી ફોર્મમાં જણાવેલ તમામ વિગતો સાચી અને ચોકસાઈપૂર્વક આપેલ છે તે પૈકી કોઈપણ વિગત ખોટી સાબિત થાય કે રજુ કરેલ આનુષાંગિક પુરાવા ખોટા સાબિત થાય તો મને ફાળવેલ આવાસ સુરત મહાનગરપાલિકા જપ્ત કરી શકશે તથા અમોએ ભરેલ રકમ પણ જપ્ત થશે તેમજ ખોટા સોગંદનામા અંગે સુરત મહાનગરપાલિકા મારી સામે ફોજદારી કાર્યવાહી કરી શકશે, જેની મને જાણ છે.

(૮) આવાસની અંદાજીત કિંમતની મને જાણ છે પરંતુ સદર આવાસના બાંધકામ પૂર્ણ થયેથી સુરત મહાનગરપાલિકા જે આખરી કિંમત નકકી કરશે તે ભરપાઈ કરવાની બાંહેધરી આપુ છું.

(૯) મારા કે મારા કુટુંબના સભ્યો દ્વારા અગાઉ સરકારશ્રી ( ભારત સરકાર, રાજ્ય સરકાર)ની કોઈ પણ એફોર્ડેબલ હાઉસીગ સ્કીમો કે જેમાં સરકારશ્રી દ્વારા ગ્રાંટ આપવામાં આવી હોય તેવી સ્કીમોમાં

ભારતભરમાં લાભ લીધો નથી. જો એવુ સુ.મ.પા. ને ધ્યાનમાં આવ્યેથી ફાળવવામાં આવેલ આવાસ કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે. જે મને મંજૂર છે.

(૧૦) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળની સ્કીમો જેવી કે, AHP (એફોર્ડેબલ હાઉસીગ ઈન પાર્ટનરશીપ), BLC (બેનીફીસયરી લેડ કન્સટ્રકશન), CLSS (ક્રેડીટ લિંક સબસીડી સ્કીમ), ISSR (In Situ Slum Redevelopment) માં ભારતભરમાં લાભ લીધો નથી. જો લાભ લેવામાં આવેલ છે એવું સુ.મ.પા. ને ધ્યાનમાં આવશે તો મને ફાળવેલ આવાસ કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે જે મને મંજૂર છે.

(૧૧) અગાઉ મુખ્યમંત્રી ગૃહ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના તથા સુરત મહાનગરપાલિકા/ સુડા/ ગુ.હા.બોર્ડ હસ્તક કોઈ પણ EWS/ LIG/ MIG મકાન કુટુંબના કોઈપણ સભ્યોને ફાળવવામાં આવેલ નથી જે હકીકત સાચી છે.

(૧૨) મને આવાસ ફાળવવામાં આવે તો, તે આવાસની કિંમતને લગતા હપ્તાની રકમ નિયત સમયમર્યાદામાં ભરવાની સંમતિ આપુ છું અને જો હપ્તાની રકમ નિયત સમયમાં ન ભરાય તો સ્કીમના નિયમ મુજબ આવાસ ફાળવણી રદ કરી ભરેલ રકમ નિયમાનુસાર જપ્ત કરવાની અથવા સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ દંડ કે દંડકીય વ્યાજ ભરવાનું ફરમાવવામાં આવે તો તે ભરવાની હું બાંહેધરી આપું છું.

(૧૩) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થયા બાદ આવાસોની ફાળવણી થાય ત્યાં સુધી આવાસની નકકી થયેલ પુરેપુરી કિંમત ભરપાઈ કરી આપીશ અને ત્યારબાદ જ મને આવાસનો કબજો સોંપવામાં આવશે. જેની મને જાણ છે.

(૧૪) આવાસની ફાળવણી થયા બાદ જો હું આવાસ મેળવવામાં અસમર્થ થાઉ તો મને ડીપોઝીટની રકમ રીફંડ મળવાપાત્ર નથી તેમજ સમયમર્યાદામાં હપ્તાની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જાઉ તો સુરત મહાનગરપાલિકા અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરી, ત્યારબાદ ભરેલ હપ્તાના નાણાંમાંથી ૫૦% રકમ બાદ કરી બાકીની રકમ મને કોઈપણ પ્રકારના વ્યાજ વગર રીફંડ કરશે. જેની મને જાણ છે.

(૧૫) લાભાર્થીએ પતિ–પત્નીના સંયુકત નામે તથા જે કિસ્સામાં કુટુંબમાં પુખ્ત વયની સ્ત્રી ન હોય તેવા કિસ્સામાં પુરુષ લાભાર્થીના નામે સુરત મહાનગરપાલિકા જે ભાષામાં એપ્રુવ કરે તે જ ભાષામાં "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) રજીસ્ટ્રેશન કરવાનો છે. જેનો ખર્ચ પ્રવર્તમાન નિયમાનુસાર મારે ભોગવવાનો છે. તેમજ જો કોઈ કારણોસર સુધારાનો દસ્તાવેજ બનાવવાની જરૂરિયાત ઉભી થાય તો તેનો તમામ ખર્ચ પણ મારે ભોગવવાનો છે. જે બાબતે હું બાંહેધરી આપુ છું.

(૧૬) સંયુકત નામે અરજી કરનાર અરજદારોએ સંયુકત રીતે સોગંદનામું રજુ કરવાનું છે જેની મને જાણ છે.

(૧૭) આવાસના અન્ય ખર્ચાઓ જેવા કે રજીસ્ટ્રેશન ચાર્જ, મેઈન્ટેનન્સ ચાર્જ, મિલ્કત વેરો, પાણી વેરો, સુએઝ ચાર્જ તથા અન્ય ચાર્જીસ જે નકકી થશે તે ભરવાની બાંહેધરી આપુ છું.

(૧૮) આ યોજના હેઠળ ફરજીયાત રચવાના રહેતા એસોસીએશનનો હું સભ્ય થવા સંમત થાઉ છું. આ એસોસીએશનના હોદ્દેદારો ધ્વારા આંતરીક સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટલાઈટ, રસ્તા,લીફટ વિગેરેની જાળવણી કરવાની છે.એસોસીએશનની રચના થયેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા આવાસની સાથે વસુલવામાં આવેલ મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ સદરહુ સ્કીમના તમામ આવાસની ફાળવણી થયા બાદ એસોસીએશનના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓ મરામત/નિભાવણીની જરૂરી વ્યવસ્થા તેમજ કેમ્પસના કોમન વીજબીલ/ગેસ કનેકશન મેળવવા તથા નામ ટ્રાન્સફર જે તે એસોસીએશન ધ્વારા જ કરવાના રહે છે. જેની મને જાણ છે. હું એસોસીએશન ધ્વારા નકકી કરવામાં આવતા નિયમો તથા યોજનાના નીતિ નિયમોનું પાલન કરવાની બાંહેધરી આપુ છું.

(૧૯) લાભાર્થીઓને સોંપવામાં આવેલ આવાસોમાં તથા બીલ્ડીગના કેમ્પસમાં આપેલ સુવિધાઓમાં કોઈપણ જાતની તોડફોડ કે નુકશાન થાય તેવુ કામ કરવા દેવામાં આવશે નહી જો આવાસ કે કેમ્પસને કોઈપણ નુકશાન થાય તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી જેની મને જાણ છે.

(૨૦) ભવિષ્યમાં સરકારશ્રી/ સુરત મહાનગરપાલિકાના નીતિનિયમોમાં કોઈ ફેરફાર થાય તો તે મુજબ કરવાજોગ તમામ કામગીરી જે તે ફ્લેટ હોલ્ડર/ એસોસીએશનની રહેશે. કેમ્પસનો કબ્જો સોપ્યા બાદ સુરત મહાનગરપાલિકાની કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી જેની મને જાણ છે.

(૨૧) આવાસ યોજનાના કેમ્પસમાં આપેલ સુવિધાઓ પૈકી લિફ્ટના લાયસન્સ, ફાયર સેફ્ટી લાયસન્સ, ડી.જી.સેટ NOC તથા અન્ય સુવિધા કે જેમાં સરકારશ્રીના સંબંધિત ખાતા/વિભાગ મારફત નામ ટ્રાન્સફર કરાવવાનુ, નવા નામે લાયસન્સ રીન્યુ કરાવવાના/ મેળવવાના રહેશે.તેવી તમામ સુવિધાના લાયસન્સ આવાસ યોજનાના પ્રથમ ફ્લેટનો કબ્જો સોપ્યાના ૦૬ (છ) માસ અથવા તો પચાસ ટકા લાભાર્થીઓને કબ્જો મળે એ બેમાંથી જે વહેલુ થાય તેટલા સમયમાં એસોસીએશનના નામે ટ્રાન્સફર કરાવી લેવાના/ નવેસરથી મેળવી લેવાના રહેશે. આ અંગે જરૂરી ડોકયુમેન્ટસ–NOC લાયસન્સ રીન્યુઅલ/ ચકાસણી વિગેરેની જવાબદારી તથા લાયસન્સ રીન્યુઅલના અભાવે ઊભી થનાર પરિસ્થિતીની જવાબદારી લાભાર્થીઓ/ એસોસીએશનની રહેશે. જેની મને જાણ છે.

(૨૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા સદરહુ આવાસ યોજના ખુબ જ વ્યાજબી દરે અને આવાસન પ્રવૃતિ માટેની સંપાદિત જમીન ઉપર હાથ ધરવામાં આવતી હોય અરજદાર ફાળવણી થયેથી સાત વર્ષ સુધી આવાસ અન્યને તબદીલ કરી શકશે નહી. / ભાડે આપી શકશે નહી. / વેચી શકશે નહી. / ગીરો આપી શકશે નહી તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકશે નહી. જેની મને જાણ છે, જેનું પાલન કરવાની બાંહેધરી આપુ છું.

(૨૩) આ બાંહેધરી સાથે રજુ કરેલ પુરાવા, ફોર્મમાં જણાવેલ તમામ વિગતો/શરતો મેં પુરેપુરી વાંચી, સમજી, વિચારી માહિતી રજુ કરેલ છે જે મને સંપૂર્ણપણે કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે.

ઉપર જણાવેલ તમામ હકીકત તદ્દન સાચી અને ખરી છે. ઉકત વિગતો પૈકી કોઈપણ વિગત ખોટી સાબિત થાય તો સુરત મહાનગરપાલિકા જે કોઈ આખરી નિર્ણય કરશે તે મને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે. મેં મારા કુટુંબીજનોને અરજી ફોર્મમાં જણાવેલ વિગત, શરતો, નિયમો તથા બાંહેધરીમાં જણાવેલ તમામ હકીકતોથી વાકેફ કરેલ છે તેમજ આ યોજનાની તમામ વિગતો અને શરતો મને તેમજ મારા કુટુંબીજનોને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા રહેશે.

ખોટી બાંહેધરી આપી ગેરમાર્ગે દોરવું એ ગુનો બને છે. તેની મને જાણ છે.

.......................................... (સાક્ષીની સહી)

.......................................... (અરજદારની સહી તથા મોબાઈલ નંબર)

સાક્ષીનું નામ :

સાક્ષીનું સરનામુ :

बहुजनहिताय बहुजनसुखाय

સાક્ષીનો મોબાઈલ નંબર :

.......................................... (સહઅરજદારની સહી તથા મોબાઈલ નંબર)

### પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ– II)
### સુરત મહાનગરપાલિકા

| અ. નં. | EWS- II ટાઈપ સ્કીમના યોજનાનો સ્કીમ કોડ | આવાસનું સ્થળ | સરનામું | આવાસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | EWS-26 | ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા– ઉત્રાણ), ફા.પ્લોટ નં.૧૭૭ (R-26) | મોટીબાગ ફાર્મની પાછળ, વ્હાઈટ પેલેસની બાજુમાં, મોટા વરાછા, મોજે–મોટા વરાછા, સુરત. | ૫૨૦ |
| ૨ | EWS-27 | ટી.પી. સ્કીમ નં.૩૫ (કતારગામ), ફા.પ્લોટ નં.૧૩૪ | રવજી ફાર્મની પાછળ, સિધ્ધી વિનાયક સોસાયટીની બાજુમાં, વેડરોડ, કતારગામ, સુરત. | ૨૭૩ |
| ૩ | EWS-28 | ટી.પી. સ્કીમ નં.૧૯ (પરવત–મગોબ), ફા.પ્લોટ નં.૧૧૦/૩ | કેપીટલ સ્કવેરની પાછળ, ગોડાદરા–ડીડોલી મીડલ રીંગરોડ, રઘુવીર સ્કારલેટ સામે, મોજે–પરવત, સુરત. | ૫૨૮ |
| ૪ | EWS-29 | ટી.પી.સ્કીમ નં.૬૨ (ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૯૪ (R-26) | આંગન રેસીડેન્સીની બાજુમાં, સીલીકોન પામની પાછળ, કલરટેક્ષ ગેટ નં. ૦૩ ની સામે, ભેદવાડ–ડીડોલી, સુરત. | ૬૬૦ |
| ૫ | EWS-32 | ટી.પી. સ્કીમ નં.૧૩ (ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧૬૯ | ડીજીવીસીએલ ઓફિસની સામે, ભગવાન મહાવીર કોલેજની લાઈનમાં, વી.આઈ.પી.રોડ, ભરથાણા, સુરત. | ૧૧૪૮ |
| ૬ | EWS-34 | ટી.પી.સ્કીમ નં.૪૨ (ભીમરાડ), ફા.પ્લોટ નં.૭૫ | સોમીબા પાર્ટી પ્લોટ અને આકાશ એરાની બાજુમાં, અલથાણ–સરસાણા રોડ, ભીમરાડ, સુરત. | ૩૦૪ |
| ૭ | EWS-35 | ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ), ફા.પ્લોટ નં.૯૯ | વ્હાઈટ સોલીટેરની પાછળ, છાપરાભાઠા વાય જંકશન પાસે, વરીયાવ, સુરત. | ૫૧૮ |
| | | | કુલ – | ૩૯૫૧ |

અરજીપત્રક મેળવવાનું તથા ભરેલ અરજીપત્રક પુરાવા તથા ડ્રાફટ સાથે જમા કરાવવાનું સ્થળ

**ICICI Bank, Surat**

| અ. નં. | આઈ.સી.આઈ.સી.આઈ. બેંક શાખાઓ | સરનામું |
|---|---|---|
| ૧. | સુરત – અઠવાલાઈન્સ | આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લિ., પ્લેટીનમ પ્લાઝા, વી.ટી.ચોકસી લો.કોલેજની સામે,અઠવાલાઈન્સ,સુરત. |
| ૨. | સુરત – અડાજણ | આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લિ., શોપ નં. ૧ અને ૪, ગ્રીન એલીના, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત. |
| ૩. | સુરત – રાંદેર | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., હરી ઓમ કોમ્પ્લેક્ષ, રૂષભ ટાવર ક્રોસ રોડ, રાંદેર, સુરત. |
| ૪. | સુરત – એલ.પી.સવાણી રોડ | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., શોપ નં.૨, ટ્રીનીટી બિઝનેસ પાર્ક, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. |
| ૫. | સુરત – પુણા કુંભારીયા | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., શોપ નં. ૩, ૪, માન સરોવર હાઈટસ, સુરત બારડોલી રોડ, મગોબ, સુરત |
| ૬. | સુરત – ભટાર | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., સિલ્વર પોઈન્ટ કોમ્પલેક્ષની સામે,ઉધના મગદલ્લા રોડ, સુરત. |
| ૭. | સુરત – ઉધના | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ.,પ્લોટ નં. ૨૫–એ, સબ પ્લોટ–૮, ઉધના ઉદ્યોગ નગર,સીલીકોન શોપીગની સામે, ઉધના, સુરત. |
| ૮. | સુરત – ટેક્ષટાઈલ માર્કેટ | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., અપર ગ્રાઉન્ડ ફલોર,રઘુનંદન ટેક્ષટાઈલ માર્કેટ, રાઠી પેલેસની સામે, રીંગ રોડ, સુરત. |
| ૯. | સુરત – કતારગામ | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., સર કોર્પોરેટ પાર્ક, પહેલો માળ, કાંસાનગર, કતારગામ, સુરત. |
| ૧૦. | સુરત – વેડરોડ | આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લિ.,જી–સ્કવેર બિલ્ડીગ,ગ્રાઉન્ડ ફલોર,વેડ–સીગણપોર રોડ, વેડરોડ, સુરત. |
| ૧૧. | સુરત – સહારા દરવાજા | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., ઠાકોરભાઈ મિઠાઈવાલા કોમ્પલેક્ષ,ફસ્ટ ફલોર, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત. |
| ૧૨. | સુરત – એલ.એચ.રોડ વરાછા | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., શાંતિવન એપાર્ટમેન્ટ, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત. |
| ૧૩. | સુરત – મીની બજારવરાછા | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., બ્લોક નં. ૮, સીટીસી બિલ્ડીગ, બરોડા પ્રિસ્ટેજ પાસે, વરાછા મેઈન રોડ, સુરત. |
| ૧૪. | સુરત – સરથાણા | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ.,શોપ નં. જી–૧૫, રાઈઝ ઓન પ્લાઝા, વરાછા મેઈનરોડ, સરથાણા, સુરત. |
| ૧૫. | સુરત – વેસુ | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., એસએનએસ સ્કવેર જી–૨, વેસુ મેઈન રોડ, વેસુ, સુરત. |
| ૧૬. | સુરત – અલથાણ | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક લિ., શોપ નં.જી–૨૬ થી જી–૨૯, સેન્ટ્રલ પ્લાઝા, ન્યુ સીટીલાઈટ રોડ, અલથાણ, સુરત. |

## પ્રધાનમંત્રી આવાસ યોજના– (ફેઝ– II)

ફોર્મ નંબર :

રસીદ

**TYPE EWS – II/ ..................**

અરજદાર શ્રી/શ્રીમતી ..........................................................ની અરજી સાથે રૂા. ..........
અંકે રૂપિયા ...................... પુરાનો ડી.ડી./પે ઓર્ડર નં. ............. તા. ............... નો
ઈસ્યુ કરનાર બેંકનું નામ .............................................. તથા
........................ બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કા


## પ્રધાનમંત્રી આવાસ યોજના– (ફેઝ– II)

ફોર્મ નંબર :

રસીદ

**TYPE EWS – II/ ..................**

અરજદાર શ્રી/શ્રીમતી ..........................................................ની અરજી સાથે રૂા. ..........
અંકે રૂપિયા ...................... પુરાનો ડી.ડી./પે ઓર્ડર નં. ............. તા. ............... નો
ઈસ્યુ કરનાર બેંકનું નામ .............................................. તથા
........................ બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કા



## પ્રધાનમંત્રી આવાસ યોજના– (ફેઝ– II)

ફોર્મ નંબર :

રસીદ

**TYPE EWS – II/ ..................**

અરજદાર શ્રી/શ્રીમતી ..........................................................ની અરજી સાથે રૂા. ..........
અંકે રૂપિયા ...................... પુરાનો ડી.ડી./પે ઓર્ડર નં. ............. તા. ............... નો
ઈસ્યુ કરનાર બેંકનું નામ .............................................. તથા
........................ બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કા

**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ધાસ્તીપુરા,
સુરત.

**સુરત મહાનગરપાલિકા**
**પ્રધાનમંત્રી આવાસ યોજના**
ફોન નં. (૦૨૬૧)૨૪૨૮૫૫૭,
(૦૨૬૧)૨૪૨૭૫૫૧,
(૦૨૬૧)૨૪૨૯૫૫૧.

એફો.હા.સેલ./આ.નં./
તારીખઃ–

## –: આવાસ ફાળવણી પત્ર (Flat Allotment Letter) :–

પ્રતિ,
શ્રી/શ્રીમતી,

સહર્ષ જણાવવાનું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨)અંતર્ગત આપશ્રીની અરજી નં........... અન્વયે EWS-II ટાઈપ યોજનાના સ્કીમ કોડ EWS-26 SUMAN SURAJ T.P.24 (MOTA VARACHHA - UTRAN) F.P.177 (R-26) માં I.D.No.................. થી ફલેટ નં. ભધકઢ×ણળબઢક્ષડક્ષ આવાસ આપશ્રીને ફાળવવામાં આવેલ છે, જેની અંદાજીત કિંમત રૂા.૫,૫૦,૦૦૦.૦૦ તથા મેઈન્ટેનન્સના રૂા.૫૦,૦૦૦.૦૦ મળી કુલ–૬,૦૦,૦૦૦.૦૦ જેટલી થાય છે, આ ઉપરાંત અન્ય જે કોઈ લીગલ ચાર્જ ચુકવવાનો થાય તો તે પણ લાભાર્થીએ ચુકવવાનો રહેશે. જે પેટે આપશ્રી દ્વારા નીચે જણાવેલ વિગતે રકમ જમા થયેલ છે.

| Description | Receipt Amount | Receipt Date |
|---|---|---|
| Deposite | 20000.00 | |
| 20% Margin First Installment | 45000.00 | |
| 20% Margin Second Installment | 45000.00 | |
| **Total** | **110000.00** | |

નોંધ : આવાસનો કબજો સોંપતી વખતે માલ સામાનની કિંમત વિગેરે ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકા જે કિંમત નકકી  કરે તે ચુકવવાની રહેશે.

- બાકી રહેતી રકમ આપે યોજનાનાં નિયમ મુજબ ૧૦ (દસ) સરખા હપ્તામાં ભરવાની રહે છે તથા છેવટનાં હપ્તા સાથે મેઈન્ટેનન્સના રૂા.૫૦,૦૦૦.૦૦ ભરવાનાં રહેશે. આપશ્રીને ફાળવવામાં આવેલ આવાસનું બાંધકામ પૂર્ણ થાય, લોકાપર્ણ થાય તથા આવાસ પેટે ભરવાપાત્ર થતી રકમ (મેઈન્ટેનન્સ સાથે) પૂરેપૂરી ભરપાઈ થયા બાદ "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) રજીસ્ટ્રેશન થયા બાદ આવાસનો કબજો સોંપવામાં આવશે.

પર્સોનેલ ઓફિસર
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
સુરત મહાનગરપાલિકા

એફોર્ડેબલ હાઉસીંગ સેલ
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, જુની યુ.સી.ડી. વિભાગની
બિલ્ડીંગ, ધાસ્તીપુરા,
સુરત.

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩
ફોન નં. (૦૨૬૧)૨૪૨૮૫૫૭,
(૦૨૬૧)૨૪૨૭૫૫૧,(૦૨૬૧)૨૪૨૯૫૫૧.

આઈ.ડી.નંબર :
અરજીપત્રક નંબર :

પ્રતિ,
શ્રી / શ્રીમતી

વિષય : માન.પ્રધાનમંત્રી આવાસ યોજના(ફેઝ–૨) અંતર્ગત મકાનની ફાળવણી તથા નાણાં ભરવા બાબત.

સહર્ષ જણાવવાનું કે, આપશ્રીને સુરત મહાનગરપાલિકાની પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ભધકઢયય ટાઈપ સ્કીમ નં......., બિલ્ડીંગ નં....... માં ફલેટ નં.............. તા.૩૧/૦૮/૨૦૧૯ ના રોજ યોજાયેલ ડ્રો માં આવાસની ફાળવણી થયેલ છે. સ્કીમના નિયમાનુસાર તમારે તા.૩૧/૧૦/૨૦૧૯ સુધીમાં સવારે ૧૧:૦૦ થી ૦૪:૦૦ કલાક દરમ્યાન એફોર્ડેબલ હાઉસીંગ સેલ, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, જુની યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ, ધાસ્તીપુરા, સુરત ખાતે નીચે જણાવેલ તમામ વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી એફીડેવીટ તૈયાર કરાવી માહિતી કાર્ડ સાથે અચુક રૂબરૂ હાજર રહેવું.

- માહિતી કાર્ડની પ્રિન્ટ આઉટ કાઢી પોતાનો તથા સહ અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી કાર્ડને લેમીનેશન કરાવવું. તેમજ યોજના સંદર્ભે દરેક કામગીરી અંગે મુલાકાત વખતે આ કાર્ડ અચુક સાથે રાખી રજુ કરવાનું રહેશે.
- એફીડેવીટ કુલ પાના–૩ (રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર) તૈયાર કરી નોટરી કરાવી રજુ કરવી.

વધુમાં માહિતી કાર્ડ તથા એફીડેવીટ સાથે તા.૩૧/૧૦/૨૦૧૯ સુધીમાં હાજર રહી રૂા.૪૫,૦૦૦/– નો ડ્રાફટ પ્રથમ હપ્તા તરીકે જમા કરાવવાનો રહેશે. ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં રૂા.૪૫,૦૦૦/– નો ડ્રાફટ બીજા હપ્તા તરીકે જમા કરાવવાનો રહેશે. અરજદાર ઈચ્છે તો એકસાથે બંને હપ્તાના નાણાં રૂા.૯૦,૦૦૦/– કે તેથી વધુ રકમ જમા કરાવવા ઈચ્છતા હોય, તો તે પણ ડ્રાફટથી જમા કરાવી શકશે. જે લાભાર્થી પોતાને ફળવાયેલ આવાસની પુરેપુરી રકમ એકસાથે ભધકઢયય ટાઈપ માટે અંદાજીત રૂા.૬,૦૦,૦૦૦/– ભરવા ઈચ્છતા હોય, તેઓ એકસાથે પુરેપુરી રકમનો ડ્રાફટ પણ જમા કરાવી શકશે. ડ્રાફટ "SURAT MUNICIPAL CORPORATION ના નામનો PAYABLE AT SURAT નો રજુ કરવાનો રહેશે.

પ્રથમ બે હપ્તા (માર્જીન મની) ભર્યા બાદ ભરવાના રહેતા હપ્તાની વિગત

| ક્રમ | તારીખ | | રકમ રૂા. | ક્રમ | તારીખ | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૦૨/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– | ૬ | ૩૦/૦૯/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– |
| ૨ | ૩૧/૦૩/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– | ૭ | ૧૫/૧૧/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– |
| ૩ | ૧૫/૦૫/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– | ૮ | ૩૧/૧૨/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– |
| ૪ | ૩૦/૦૬/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– | ૯ | ૧૫/૦૨/૨૦૨૧ | સુધીમાં | ૪૪,૦૦૦/– |
| ૫ | ૧૫/૦૮/૨૦૨૦ | સુધીમાં | ૪૪,૦૦૦/– | ૧૦ | ૩૧/૦૩/૨૦૨૧ | સુધીમાં | ૪૪,૦૦૦/– |

તેમજ છેલ્લા હપ્તા સાથે રૂા.૫૦,૦૦૦/– મેઈન્ટેનન્સના જમા કરાવવાના રહેશે.

નોંધ : એફીડેવીટ, ફોટા સહિતનો માહિતી કાર્ડ તથા ડ્રાફટ સાથે પત્રમાં જણાવેલ સ્થળે જે તે તારીખ સુધીમાં નકકી થયેલ સમય દરમ્યાન લાભાર્થીએ હાજર રહેવું. વધુમાં પ્રથમ બે હપ્તા (માર્જીન મની) ની રકમ ભર્યા બાદ ફાઈનલ ફાળવણીપત્ર અત્રેના વિભાગમાંથી આપવામાં આવશે. જે લાભાર્થી સુરત મહાનગરપાલિકા સાથે ટેકઅપ કરેલ બેંકમાંથી લોન લેવામાં આવે તે બેંકો દ્વારા ઉપર જણાવેલ હપ્તાના શિડયુલની શરૂઆતની તારીખથી ૧૦ દિવસમાં આવાસના હપ્તાની રકમ જમા કરાવવાની રહેશે.

તમોને આ પત્ર સહીત માહિતી કાર્ડ તથા એફીડેવીટ સાથે કુલ–૫ પાના મળ્યા છે કે કેમ? તેની ચકાસણી કરી લેવી.

વધુ માહિતીની જરૂરીયાત જણાય તો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી માહિતી મળી રહેશે.

QR CODE

પર્સોનેલ ઓફિસર
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
સુરત મહાનગરપાલિકા

## -: એફીડેવીટ :-

આથી હું/હમો નીચે સહી કરનાર(૧)શ્રી/શ્રીમતી........................., ઉ.આ.વ.........,ધંધો........,રહેવાસી:.............................................................. ..(૨)શ્રી/શ્રીમતી...............................ઉ.આ.વ.........,ધંધો.........રહેવાસી:.................... ..............................................ના પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ-૨) અંતર્ગત મને/હમોને સુરત મહાનગરપાલિકા દ્વારા ફળવાયેલ આવાસ ભધક-............ટાઈપમાં સ્કીમ કોડ........, બિલ્ડીંગ નંબર......, ફલેટ નંબર........ મેળવવા માટે આ એફીડેવીટ દ્વારા હું/હમો નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે . . .

..૨..

(૧) સુરત શહેરની સત્તાવાર નિયત કરેલ હદથી આઠ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં મારા / મારી, પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે સરકારી કાયદા હેઠળ કોઈ કો.ઓ.સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ રહેણાંકનું આવાસ, ફલેટ કે જમીનનો પ્લોટ નથી. આ ઉપરાંત સમગ્ર ભારતમાં મારા નામે કે મારા કુટુંબના નામે પાકું મકાન નથી.

(૨) બધા સાધનો મળીને મારા કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. .............. છે.

(૩) હાલ હું / હમો મારા કુટુંબ સાથે ભાડાના મકાનમાં રહીએ છીએ જે અંગેના પુરાવા અરજી ફોર્મ સાથે રજુ કરેલ છે. જે મારી / અમારી જાણ મુજબ બરાબર છે.

(૪) હું / હમો સુરત શહેરમાં છેલ્લા.......... વર્ષથી વસવાટ કરીએ છીએ. જે અંગેના પુરાવા ફોર્મ સાથે રજુ કરેલ છે. જે મારી / અમારી જાણ મુજબ બરાબર છે.

(૫) પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગતના આવાસની અંદાજીત કિંમતની મને / હમોને જાણ છે પરંતુ સદર આવાસના બાંધકામ પૂર્ણ થયેથી સુરત મહાનગરપાલિકા જે આખરી કિંમત નકકી કરશે તે ભરપાઈ કરવાની બાંહેધરી આપીએ છીએ.

(૬) પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગતના આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થયા બાદ આવાસોની ફાળવણી થાય ત્યાં સુધી આવાસની નકકી થયેલ પુરેપુરી કિંમત ભરપાઈ કરી આપીશ અને ત્યારબાદ "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) નું રજીસ્ટ્રેશન થયા બાદ આવાસનો કબજો સોંપવામાં આવશે. જેની મને / હમોને જાણ છે.

(૭) પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત મને / હમોને ફળવાયેલ આવાસની કિંમતને લગતા હપ્તાની રકમ નિયત સમયમર્યાદામાં ભરવાની સંમતિ આપુ છું અને જો હપ્તાની રકમ નિયત સમયમાં ન ભરાય અથવા નકકી કરેલ હપ્તાની રકમ ભરવામાં નિષ્ફળ જાઉં તો સુરત મહાનગરપાલિકા મને / હમોને ફાળવેલ આવાસ રદ કરી શકશે.

(૮) યોજનાના નિયમો અનુસાર કોમ્પ્યુટરાઈઝ ડ્રો માં મને / હમોને ફાળવેલ આવાસના રીફંડની માંગણી કરું અથવા હપ્તાના નાણાં ભરવામાં અસમર્થ થાઉં તો અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે તથા ભરેલ હપ્તાની કુલ રકમના ૫૦% રકમ બાદ કરી બાકીની રકમ રીફંડ કરવામાં આવશે. જે રકમ ઉપર વ્યાજ મળશે નહિ જેની મને / હમોને જાણ છે.

(૯) મને/ હમોને ફાળવેલ આવાસ પતિ–પત્નિના સંયુકત નામે સુરત મહાનગરપાલિકા દ્વારા જે ભાષામાં "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) એપ્રુવ કરવામાં આવે તે જ ભાષામાં "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) નું રજીસ્ટ્રેશન કરવામાં આવશે જે બાબતે મારી / અમારી સંમતિ છે.

(૧૦) મને/હમોને ફાળવેલ આવાસનો "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) રજીસ્ટ્રેશનનો ખર્ચ પ્રવર્તમાન નિયમો અનુસાર મારે/હમોએ ભોગવવાનો રહે છે તથા કોઈ કારણોસર સુધારાનો "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવાની જરૂરીયાત ઉભી થાય તો તેનો તમામ ખર્ચ પણ મારે/હમોએ ભોગવવાનો રહે છે. જેની મને /હમોને જાણ છે.

(૧૧) આ યોજના હેઠળ રચવાના રહેતા એસોસીએશનનો હું / હમો સભ્ય થવા સંમત છે તેમજ આવાસના બિલ્ડીંગની મરામત અને જાળવણી સદરહુ એસોસીએશને કરવાની છે જેની મને/હમોને જાણ છે. તે મુજબ એસોસીએશન દ્વારા નકકી કરવામાં આવતા નિયમો તથા યોજનાના નીતિ નિયમોનું પાલન કરવા હું / હમો સંમત છે.

..૩..



(૧૨) મને/હમોને ફાળવવામાં આવેલ આવાસ ૭ વર્ષ સુધી અન્યને તબદીલ કરી શકાશે નહી, ભાડે આપી શકાશે નહી, વેચી શકાશે નહિ, લીઝથી આપી શકાશે નહિ તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકાશે નહી તેની મને/હમોને જાણ છે તેમજ સદર શરતોનું પાલન કરવા તથા તે પ્રમાણે વર્તવાની બાંહેધરી આપીએ છીએ.

(૧૩) વિનિયમો મુજબ મેં/હમોએ રજુ કરેલ પુરાવા પૈકી કોઈ એક કે તમામ પુરાવા ઓરીજીનલ રજુ કરવાનું જણાવે તો તે હું / હમો રજુ કરીશું.

(૧૪) આરક્ષણ કેટેગરી અંગેનો પુરાવો રજુ ન કરી શકીએ તો આરક્ષણ હેઠળ મને/હમોને ફળવાયેલ આવાસની ફાળવણી રદ થશે. જેની મને/હમોને જાણ છે.
(૧૫) હમોએ આવાસ મેળવતી વખતે રજુ કરેલ અરજી ફોર્મમાં જણાવેલ વિગતો સાચી અને ચોકસાઈપૂર્વક આપેલ છે તે પૈકી કોઈપણ વિગત કે એફીડેવીટમાં જણાવેલ વિગત ખોટી સાબિત થાય કે રજુ કરેલ આનુષાંગિક પુરાવા ખોટા સાબિત થાય તો મને/હમોને ફાળવેલ આવાસ સુરત મહાનગરપાલિકા જપ્ત કરી શકશે તેમજ ખોટી એફીડેવીટ અંગે સુરત મહાનગરપાલિકા મારી / હમારી સામે ફોજદારી કાર્યવાહી કરી શકશે. જેની મને/હમોને જાણ છે.
(૧૬) આવાસ મેળવવા માટે કરેલ અરજી ફોર્મ સાથે રજુ કરેલ પુરાવા તેમજ આ એફીડેવીટ તથા અરજીફોર્મમાં જણાવેલ તમામ વિગતો/શરતો/બાંહેધરી મેં પુરેપુરી વાંચી, સમજી, વિચારી માહિતી રજુ કરેલ છે જે મને/હમોને સંપૂર્ણપણે કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

ઉપર જણાવેલ તમામ હકીકત તદ્દન સાચી અને ખરી છે. ઉકત વિગતો પૈકી કોઈપણ વિગત ખોટી સાબિત થાય તો સુરત મહાનગરપાલિકા જે કોઈ આખરી નિર્ણય કરશે તે મને/હમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે. મેં મારા કુટુંબીજનોને એફીડેવીટમાં કરેલ તમામ હકીકતોથી વાકેફ કરેલ છે તેમજ આ યોજનાની તમામ વિગતો અને શરતો મને/હમોને તેમજ મારા કુટુંબીજનોને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા રહેશે.

ખોટી એફીડેવીટ કરવી એ ફોજદારી રાહે ગુનો બને છે. તેની મને/હમોને જાણ છે.

સ્થળ : સુરત.
તા. / /૨૦૧

..............................

એફીડેવીટ કરનારની સહી
એફીડેવીટ કરનારનું નામ

..............................

એફીડેવીટ કરનારની સહી
એફીડેવીટ કરનારનું નામ

..............................
સાક્ષીની સહી તથા નામ

(રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવી એફીડેવીટ રજુ કરવી.)

SURAT MUNICIPAL CORPORATION

PRADHANMANTRI AWAS YOJNA (PHASE-II)

AFFORDABLE HOUSING CELL

Applicant Photo | Co Applicant Photo

# INFORMATION CARD

## EWS - II TYPE SCHEME

App. No. : 000000

Scheme Code : EWS-26

Applicant Name : XYZ

Co Applicant Name : ABC

Address : XYZ

PQR

Mob. No. : 9999999999

Building No. : A

I.D. No. : 210001 To Start

Flat No. : 101

QR CODE

बहुजनहिताय बहुजनसुखाय

Surat Municipal Corporation

સુરત મહાનગરપાલિકા સાથે યોજના સંદર્ભે દરેક કામગીરી અંગે મુલાકાત વખતે
આ કાર્ડ અચુક સાથે રાખી રજુ કરવાનું રહેશે.
માહિતી કાર્ડ ઉપર અરજદાર તથા સહ અરજદારનો ફોટો ચોંટાડી લેમીનેશન કરાવી લેવું.